# મોડાસાની નાલંદા-૨ સોસાયટીમાં નગરપાલિકાના 'સ્વચ્છતા અભિયાન'નું સૂરસૂરીયુ

## પાયલોટ પ્રોજેક્ટમાં નિષ્ક્રિયતા દાખવતા રહીશોએ ડસ્ટબીન માટે ખર્ચેલ રૂપિયા નકામા

મોડાસા, તા. ૨૨

મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસા શહેરનો પોશ વિસ્તાર ગણાતી નાલંદા-૨ સોસાયટીમાં સોલીડ વેસ્ટ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ મુજબ પાલન કરવા પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. એક મહિના અગાઉ નગરપાલિકા તંત્રએ નાલંદા-૨ સોસાયટીના ૭૦ જેટલા ઘરોમાં ભીના કચરા અને સૂકા કચરા માટે રૂ. ૧૦૦ ફી રહીશો પાસેથી ઉઘરાવી લાલ અને લીલા કલરની ડસ્ટબીન આપી સૂકો કચરો અને ભીનો કચરો અલગ-અલગ નાખવાની સમજણ આપી. આ જુદા જુદા કચરો લેવા ફક્ત એક જ દિવસ વ્યવસ્થા કર્યા બાદ એક મહિનો થવા છતા નગરપાલિકાતંત્ર સૂકો અને ભીનો કચરો લેવા કોઈ વ્યક્તિ કે ગાડી ન મોકલતા રહીશોમાં રોષ ફેલાયો છે. મોડાસા નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનના અતિ મહત્વના પાયલોટ પ્રોજેક્ટનુ નગરપાલિકાતંત્રના અણઘડ વહીવટથી બાળમરણ થતા રહીશોએ ભેગો કરેલ ભીનો અને સૂકો કચરો નગરપાલિકાના ડોર ટુ ડોર કલેક્શન કરતા વાહનોમાં નાખવો પડે છે.




પ્રાપ્ત માહિતી મુજબ સ્વચ્છતા અંગેની મોટી-મોટી વાતો, મોટા-મોટા બેનરો અને જ્યારે કોઈ સરકારી કાર્યક્રમ હોય ત્યારે માત્ર મંત્રી કે અધિકારી જ્યાં જવા આવવાના હોય તેટલા જ રસ્તાઓ અને એરિયાઓની સ્વચ્છતા એ પણ દિવસ પુરતી જ કરીને ફોટો પડાવી વાહવાહી લૂંટવામાં મસ્ત બનેલી મોડાસા નગરપાલિકાતંત્રનો સ્વચ્છતા અંગે વધુ ખાડે ગયેલો વહીવટનો નમૂનો જોવા મળતા નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનની હવા નિકળી ગઈ છે.

મોડાસા નાલંદા-૨ના ૭૦ ઘરોમાં અંદાજે મહિના અગાઉ સ્વચ્છતા અભિયાન 'સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાત' અભિયાન હેઠળ મોડાસા શહેરને સ્વચ્છ બનાવવાના પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરી ભીના કચરા અને લીલા કચરા માટે સોસાયટીના રહીશોમાં જાગૃતતા ફેલાવી રૂ. ૧૦૦ ફી પેટે લઈ ભીના કચરા માટે લીલા કલરની અને સૂકા કચરા માટે લાલ કલરની ડસ્ટબીન આપી ભીનો કચરો અને લીલો કચરો અલગ અલગ નાખવા માટે સમજ આપી ભીનો કચરો અને સૂકો કચરો લેવા જુદા વાહનની વ્યવસ્થા કરી મોટાપાયે સ્વચ્છતા અભિયાનની જાહેરાત કરી ડસ્ટબીન ઘરોમાં થામી દીધા હતા અને રહીશોના ઘરે રખાયેલ ભીનો કચરો અને સૂકો કચરો ફક્ત એક જ દિવસ નગરપાલિકાતંત્ર તરફથી વ્યવસ્થા કરાતા અને ત્યારબાદ કોઈ વાહન કચરો લેવા ન આવતા રહીશોએ કંટાળીને ડોર ટુ ડોર નોર્મલ કચરા માટે આવતા વાહનમાં ભીનો અને સૂકો કચરો નાખવા મજબૂર બનતા અને રહીશોએ ખર્ચેલ રૂપિયા નકામા બનતા સોસાયટીના અભિયાનના પાયલોટ પ્રોજેક્ટનું સૂરસૂરીયુ થયું હોય તેવું લાગી રહ્યું છે.

### મોડાસા નગરપાલિકા ચીફ ઓફિસર હરીશ અગ્રવાલના જણાવ્યા અનુસાર

મોડાસાની નાલંદા-૨ સોસાયટીમાં નગરપાલિકાના પાયલોટ પ્રોજેક્ટ અંગે ચીફ ઓફિસર સાથે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૫૦ જેટલા ઘરોમાં સોલીડ વેસ્ટ વ્યવસ્થાપન નિયમ-૨૦૧૬ અંતર્ગત પ્રોજેક્ટ હાથ ધરી રહીશોને સમજાવી ભીના કચરા અને સૂકા કચરા માટે જુદી જુદી ડસ્ટબીન આપવામાં આવી હતી. અને જુદો જુદો કચરો લેવા વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ એક મહિનાથી કોઈ પણ વાહન કચરો લેવા જતુ ન હોવા અંગે અજાણતા દર્શાવી જો એવુ હશે તો હુ જોવડાવી લઈશ તેમ જણાવ્યું હતું.

## શ્રી દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર છોત્તેર બ્રહ્મસમાજ હિતવર્ધક મંડળનું ૫૦ વર્ષનું સ્વપ્ર મુર્તિમંત થશે

મહેસાણા, તા. ૨૨

મહેસાણા તાલુકાના લીંચ ખાતે દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર છોત્તેર બ્રહ્મસમાજ હિતવર્ધક મંડળના ઉપક્રમે સમાજની વિવિધ પ્રવૃતિઓનો ચિતાર આપતો કાર્યક્રમ તેમજ સીનીયર સીટીઝન હેલ્થ કેર, તાલીમ કેન્દ્ર અને સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન આપતો કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિના મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે યોજાયો હતો.

ચાર વીઘા જમીનમાં રૂપયા પાંચ કરોડ ઉપરાંતના દાતાઓના યોગદાનથી સીનીયર સીટીઝન હેલ્થ કેર તથા તાલીમ કેન્દ્રના ખાતમુર્હુત પ્રસંગે ત્રણ કરોડની જમીનના દાતા કંચનબહેન રસીકભાઈ શાસ્ત્રી પરીવારનું સન્માન કરતાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઉદાર દિલ દાતાઓ હોઈ ત્યાં સફળતાને સફળતા હોય છે.

## બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજિત ક્રિકેટ ટૂનામેન્ટની ફાયનલમાં રણાસણનો વિજય

પ્રાંતિજ, તા. ૨૨

મહેસાણા જિલ્લાનાં વિજાપુર તાલુકાના માંણેકપુરા ખાતે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ તપોધન બ્રાહ્મણ સમાજના બાવીસ ગામોમાંથી ચોવીસ ટીમોએ આર.પી.એલ ટૂનામેન્ટ માં ભાગ લીધો છે. જેમા ફાયનલમાં રણાસણ



સમાજ દ્વારા સમાજ સંકુલ ખાતે આર.પી.એલ ક્રિકેટ ટુનામેન્ટનું સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રણાસણ રામેશ્વર ટીમનો ફાયનલમાં વિજય થયો હતો.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંચાલિત શ્રી શિવ શકિત સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સમાજ સંકુલ ખાતે આર.પી.એલ ક્રિકેટ ટૂનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી બાવીસ ગામ સામે રણાસણ રામેશ્વર ટીમ વચ્ચે ફાયનલ ક્રિકેટ ટૂનામેન્ટ યોજાઈ હતી જેમાં રણાસણ સામે રણાસણ રામેશ્વર ટીમનો વિજય થયો હતો જયારે વિજય થયેલ રણાસણ રામેશ્વરની ટીમ તથા રનર્સઅપ રણાસણની ટીમને વિજાપુર નિવાસી સ્વ. રમણલાલ જેઠાલાલ રાવલ હ. સુરેશભાઈ તથા ઉપસ્થિત સમાજના શિવશક્તિ મંડળના હોદેદારો કારોબારી સભ્યો આમંત્રિત મહેમાનોના હસ્તે બન્ને ટીમો ને ટોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં જયારે આ પ્રસંગે સમાજના પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશકિતિ મંડળના વાઈસ ચેરમેન ગુણવંતભાઈ રાવલ, સમાજના ઉપપ્રમુખ હસમુખભાઈ રાવલ, ઉપપ્રમુખ કનુભાઈ રાવલ, માજી પ્રમુખ કનુભાઈ રાવલ, માજી મંત્રી મહેશભાઈ રાવલ, શિક્ષણ કન્વીનર નરહરીભાઈ રાવલ સહિત સમાજના હોદેદારો આગેવાનો કારોબારી સભ્યો સહિત ટૂનામેન્ટનું સફળ સંચાલન મંત્રી હિતેન્દ્રભાઈ રાવલ, શૈલેષભાઈ રાવલ તથા સહમંત્રી મનીષભાઈ રાવલ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ જયારે સમાજમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમાજનાં લોકોએ ફાયનલ ક્રિકેટ ટૂનામેન્ટ નિહાળી આનંદ વ્યક્ત કર્યો હતો જયારે વિજય થયેલ રણાસણ રામેશ્વર ટીમના પ્રોનસર રાકેશભાઈ તથા કેપ્ટન પ્રતિકભાઈ રાવલે જણાવ્યું હતુંકે અમે ક્રિકેટ દ્વારા સમાજને નથી જીતો પણ સમાજનાં આર્શીવાદ પ્રેમ અને એક્તાની જીત થઈ છે અને સમાજ તથા આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વિજાપુર પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલને લાંચ લેવાના કેસોમાં સજા કરાઈ

મહેસાણા, તા. ૨૨

વિજાપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૯માં ફરજ બજાવતા પોલીસ કોન્સટેબલ શંકરભાઈ રાઠોડે ફરીયાદી અને તેના ભાઈ વિરૂધ્ધ વોરંટ બજવણીના કામ સારૂ લાંચની માંગણી કરી હતી. જેમાં લાંચના છટકામાં ઝડપાઈ જતા મહેસાણા એ.સી.બી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ હતો. આ ગુન્હા અંગેનો કેસ ચાલતા મહેસાણાની વિશેષ અદાલતે આરોપી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૦૭ અન્વયે નામદાર સ્પે.જજે તા. ૨-૫-૧૭ના રોજ આરોપીને તકસીરવાર ઠરાવી છ માસની સખત કેસની સજા અને રૂ. ૨૦૦૦ નો દંડ કરેલ છે. જો દંડ ન ભરેતો ૧૫ દિવસની સાદી કેદની સજા કરી છે. તેમજ કલમ ૧૩(૧)(ડી) તથા ૧૩(૨) અન્વયે તકસીરવાર ઠરાવી એક વર્ષની સખત કેદની સજા તથા રૂ પાંચ હજારનો દંડ અને જો દંડ ન ભરેતો વધુ એક માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે તેમ ડી.પી.ચુડાસમા મદદનીશ નિયામક, લાંચરૂશ્વત વિરોધી બ્યુરો અમદાવાદ જણાવાયું છે.

## હિંમતનગરમાં દોઢ કલાકમાં બે વિદેશી દારૂ ભરેલી કાર : એક ઝડપાઈ, એક લુંટાઈ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠાના હિંમતનગરમાં સહકારી જીન વિસ્તારમાં દોઢ કલાકમાં વિદેશી દારૂ ભરેલી બે કાર પસાર થઈ હતી. જેમાં એક કારને ચાલક સાથે વિજીલન્સે ઝડપી પાડી હતી તો બીજી કારને અકસ્માત થતા લુંટાઈ હતી. આ બંને કાર અંગે એ-ડીવીઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.



રાજ્યની સરહદોમાંથી બેખોપ વિદેશી દારૂ ઘુસાડાઈ રહ્યો છે. ભલે પછી દમણ હોય કે શામળાજી હોય કે પછી બનાસકાંઠાની બોર્ડર જ કેમ ના હોય છતાંય બીજા રાજ્યમાંથી દારૂ ઘુસાડવાનું યથાવત છે. વાત કરવામાં આવે તો સાબરકાંઠા જિલ્લાની તો બે દિવસમાં વિદેશી દારૂની કારની ત્રણ ઘટનાઓ થઈ છે. જેમાં બે પલટી જતા આજુબાજુના લોકો દારૂ લુંટી ગયા છે તો એક કારમાંથી ૧.૮૧ લાખના વિદેશી દારૂ ભરેલ સાથે ચાલકને વિજીલન્સે ઝડપી લીધો હતો. જ્યારે બે દિવસ પહેલા વિજાપુર માર્ગ પર સતનગર ગામ નજીક સવારે કાર પલટી ગઈ હતી. જેમાંથી આજુબાજુના લોકો દારૂ લુંટી ગયા હતા તો આ અંગે પોલીસે કારમાંથી ૧૭ બોટલ દારૂ કબજે લઈ ફરાર કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે વિજીલન્સ સ્કોર્ડ રવિવારે વહેલી સવારે હિંમતનગર સહકારી જીન ચાર રસ્તે વોચમાં હતા ત્યારે શામળાજી તરફથી આવી રહેલ બાતમીવાળી કારને રોકી તેમાં તપાસ કરતા ૧.૮૧ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી સ્કોર્ડે ઝડપાયેલ અમદાવાદના રાણીપનો રહેવાસી જીતેન્દ્રભાઈ અર્જુનભાઈ રાવળને દારૂ સાથે કબજે લઈ એ-ડીવીઝન પોલીસસ્ટેશને કારચાલક, દારૂના જથ્થાનો ઓર્ડર લેનાર-ચિરાગ જૈન, દારૂના ઠેકાનો માલિક-સુનીલ દરજી, દારૂનો જથ્થો ભરી આપનાર-લોકેન્દ્રસિંહ, દારૂનો જથ્થો મંગાવનાર અમદાવાદના શાહીબાગમાં રહેતો અનુપ ઠાકોર સહીત પાંચ વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાનમાં સહકારી આ જ વિસ્તારમાં સહકારી જીન ચાર રસ્તેથી કાંકરોલ તરફ જઈ રહેલ કારને અકસ્માત થતા કારચાલક કાર મુકી નાસી ગયો હતો. જે કાર વિદેશી દારૂથી ભરેલી હતી. જે આજુબાજુના લોકો જોઈ જતા કારમાંથી વિદેસી દારૂ લુંટી લઈ ગયા હતા. આ અંગે એ ડીવીઝન પોલીસને જાણ થતા પોલીસે સ્થળ પર જઈને ખાલી કાર કબજે લઈ કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.





### મોડાસામાં સમસ્ત પ્રજાપતિ સમાજ દ્વારા પ્રથમ મહાયજ્ઞ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સાતગામ સમસ્ત પ્રજાપતિ પરિવાર દ્વારા કુળદેવી બ્રહ્માણી માતાજીના પ્રથમ મહાયજ્ઞનું આયોજન પ્રજાપતિ સમાજવાડી ખાતે કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરની પ્રજાપતિ સમાજવાડી ખાતે યોજાયેલા આ મહાયજ્ઞમાં સમસ્ત સાતગામ પ્રજાપતિ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત સાતગામ પ્રજાપતિ પરિવાર દ્વારા આયોજિત આ મહાયજ્ઞમાં ૭૦ દંપતીઓએ યજ્ઞમાં ભાગ લીધો હતો. ૩૫ યજ્ઞકુંડ તૈયાર કરી શાસ્ત્રીજી વિષ્ણુમહારાજ દ્વારા હિન્દુશાસ્ત્રોક્ત વિધિ અનુસાર યજ્ઞવિધિ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા. સમસ્ત પ્રજાપતિ સમાજની કુળદેવી બ્રહ્માણી માતાજીના પ્રથમ મહાયજ્ઞ સમાજ એકતા, સુખસંપત્તિ, વ્યસનમુક્તિ અને દીકરીઓ ભણીગણીને આગળ વધે તેવા આશયથી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞમાં આમંત્રિત સંતો દ્વારા આશિર્વચન આપવામાં આવ્યા હતા. અને સમાજમાં એકતા જાળવવા અપીલ કરી હતી. સાત ગામ પ્રજાપતિ સમાજના લોકોના સહિયોગથી કુળદેવી બ્રહ્માણી માતાજીનો મહાયજ્ઞ સફળ થયો હતો.

## હિંમતનગરના સ્વામીનારાયણ મંદિર દ્વારા વનવાસીઓનો સમૂહલગ્નોત્સવમાં ૨૭ જોડા લગ્નગ્રંથીથી જોડાયા

### પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં પ્રમુખવરણી દિનની ઉજવણી કરાઈ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના કાંકરોલ પાસે આવેલ સ્વામીનારાયણ મંદિરના પટાંગણમાં રવિવારે પ્રમુખવરણી દિન મહોત્સવ નિમિત્તે વનવાસીઓનો સમૂહ લગ્નોત્સવનું પ્રમુખ સ્વામી મહારાજના હરિકૃષ્ણ મહારાજ તથા સંસ્થાના વિધ્વાન સંત પ.પૂ. વિવેકસાગર સ્વામીની ઉપસ્થિતિમાં સૌ પ્રથમવાર આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ મંદિરના મુખ્ય હોલ ખાતે વનવાસી વરરાજાએ વિવેકસાગરજી સ્વામીના સાથે રહી ભગવાનના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ સમાજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રાર્થના યોજાઈ હતી. જેમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા હાજર રહ્યા હતા.

બપોરે ૧.૩૦ વાગે મંદિરના પટાંગણમાં મંદિર સામે મંડપમાં સાબરકાંઠા જિલ્લાના પોશીના પટ્ટાના વનવાસીઓના ૨૭ જોડા સંસ્થાના વિધ્વાન બ્રાહ્મણો દ્વારા વેદોક્ત વિધિ પૂર્વક લગ્ન ગ્રંથીથી જોડાયા હતા. જે ૨૭ નવ યુગલોને ૬૦ દાતાઓ થકી મંદિર દ્વારા તમામ ઘરવખરી, દાગીના અને કપડા સહીતનો લગભગ



એક જોડાનો દોઢ લાખનો સરસમાન આપ્યો હતો. ત્યારબાદ લગ્નપૂર્ણ થતા નવ યુગલોએ મંદિરમાં ભગવાનના આશીર્વાદ લઈ પરત પોતાના ઘરે ફર્યા હતા.

સાંજે વિશ્વ વંદનીય સંત વિભૂતિ પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજની સ્મૃતિમાં પ્રમુખવરણી દિન ઉજવવામાં આવ્યો હતો. આજની ૬૭ વર્ષ પૂર્વે આજના દિવસો ૨૧ મે ૧૯૫૦ એ અમદાવાદના આંબલીવાળી પોળમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બીએપીએસ સંસ્થાના પ્રમુખ તરીકેની પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજની નિમણુંક કરી હતી. તેની સ્મૃતિમાં વડીલ સંતોના પ્રવચન, ઠાકોરજી શોભાયાત્રા, સંવાદ, સમૂહ આરતી, જેવા વિવિધ રસપ્રદ કાર્યક્રમો દ્વારા પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજને ભાવાંજલિ અર્પવામાં આવી હતી. સાંજે સભા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભાજર રહ્યા હતા.




### નવસર્જન ગુજરાત માટે કોંગ્રેસ આવે છે કાર્યક્રમ મોડાસા ખાતે યોજાયો

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાના નગરપાલિકાના ટાઉનહોલ ખાતે અરવલ્લી કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ આવે છે કાર્યક્રમનું આયોજન થયુ હતુ. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના હોદેદારો હાજર રહી ગુજરાતમાં આવતી આગામી ચૂંટણી માટે હાલની રાજ્ય સરકારથી ખેડૂતો, કર્મચારીઓ તથા ગરીબ પ્રજા જે હેરાન પરેશાન થઈ રહી છે તેના વિશે કાર્યકરોને માહિતી આપી હતી અને આ પ્રશ્નો પ્રજા સુધી લઈ જવા હાંકલ કરી હતી. આ કાર્યક્રમમાં અરવલ્લી કોંગ્રેસ સમિતિના પ્રમુખ કલમેન્દ્રસિંહ, ઉપ પ્રમુખ જયદત્તસિંહ પુવાર, હિંમતસિંહ પરમાર, અરૂણ પટેલ, નારાણ પટેલ, ચિરાગ ઉપાધ્યાય, સચીન પટેલ તથા જિલ્લા પંચાયતના પ્રમુખ રાજુભાઈ પારધી હાજર રહીને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## જાપાનના રાજદુત વડનગરની મુલાકાતે

૨૩-૫-૨૦૧૭ને મંગળવારના રોજ જાપાનના રાજદુત કેનજી હીરામત્સુ તથા રોઝી નોડા માન. કન્સલ્ટ જનરલ ઓફ જાપાન મહેસાણા જિલ્લાના વડનગરની મુલાકાત લેનાર છે. વડનગર ખાતે ૨૩ મે ૨૦૧૭ના રોજ ૧૨.૩૦ કલાકે વડનગર ખાતે ઉપસ્થિત રહેનાર છે.

## પ્રાંતિજની એકસપેરિમેન્ટલ કોલેજે જિલ્લાનું ગૌરવ વધાર્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડ પર આવેલ એકસપેરિમેન્ટલ કોલેજે પ્રાંતિજ સહિત જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

પ્રાંતિજ ખાતે સને ૨૦૦૧માં એન.સી.ટી.ઈ.ની માન્યતા મેળવનાર સ્વનિર્ભર કોલેજો પૈકીની સાબરકાંઠા જિલ્લાની પ્રથમ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ની પ્રથમ બે પૈકીની એક અને સમસ્ત ગુજરાતની પ્રથમ દશ પૈકીની એક એવી એકસપેરિમેન્ટલ કોલેજ ઓફ એજ્યુકેશન, પ્રાંતિજમાં યુ.જી.સી એન.સી.ટી.ઈ સરકાર અને યુનિવર્સિટીના નિયમો મુજબ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયની રાષ્ટ્રીય મુલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ 'નેક' બેંગ્લોર દ્વારા દેશના ઉચ્ચકક્ષાના ટીચર એજ્યુકેશનના નિષ્ણાંતોની ટીમ ત્રણ દિવસ બી.એડ. અને એમ.એડ. કોલેજનું સર્વગ્રાહી નિરીક્ષણ, મૂલ્યાંકન અને પ્રત્યાંકન કરી તેનો અહેવાલ નેકને મોકલતા નેક એ કોલેજને ગુડ કેટેગરીમાં 'બી' ગ્રેડ સાથે (૨'૨૧) પ્રાપ્તાંક આપતાં આ કોલેજે ઉત્તર ગુજરાતની ટીચર એજ્યુકેશનની સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ ત્રણમાં સ્થાન મેળવતાં કોલેજના આચાર્ય, સ્ટાફ, વિદ્યાર્થીઓ અને મેનેજમેન્ટના હોદ્દેદારોએ આનંદની લાગણી વ્યક્ત કરી છે.

## કડી ખાતે ત્રણ કરોડ ઉપરાંતના ખર્ચે બ્રહ્માકુમારી સંસ્થાના શિવસદન ભવનનું લોકાર્પણ

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જિલ્લાના કડી ખાતે ત્રણ કરોડ ઉપરાંતના ખર્ચે બ્રહ્માકુમારી સંસ્થાના શિવસદન ભવનનું લોકાર્પણ રાજ્યના મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને બ્રહ્માકુમારી સંસ્થાના વૈશ્વિક સંચાલક ૧૦૨ વર્ષીય રાજયોગીની જાનકીદીદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતના બ્રહ્માકુમારી બહેનો અને ભાઈઓ અને તમામ નાગરિકો માટે ખુબજ આનંદનો અવસર છે. કડી શહેર સામાજિક શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે અગ્રેસર છે તેમાં આજે લોકાર્પણ કરવામાં આવેલ નવીન શિવસદન ભવન ખાતે બ્રહ્મા કુમારીઝનું માનવસેવા, આધ્યાત્મિકતા અને આપણા ધર્મ સંસ્કૃતિનું સંવર્ધન અને વિકાસ થશે તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

બ્રહ્માકુમારી સંસ્થાના રાજયોગીની દાદી જાનકીજીએ આજે કડી શહેરની ત્રણ દિકરીઓ અંજના, ધારા અને કિંજલે પ્રભુ સમર્પણની ભાવના વ્યક્ત કરી દિક્ષા ધારણ કરી અધ્યાત્મિક જીવનનો પ્રારંભ કર્યો છે આવી આ બ્રહ્માકુમારીઓને આપનું જીવન સદાય પ્રકાશીત રહે, તેજસ્વી રહે ચારે તરફ રોશની ફેલાવતા સૂર્યની જેમ દૈદીપ્યમાન રહે એવા આશિર્વચનો પાઠવ્યા હતા.